કાશ્મીરમાં આઈએસઆઈએસના આતંકનો ભય

જમ્મુ,તા. ૭

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓની હવે નવી ટોળકી તૈયાર થઇ રહી હોવાનો ચોંકાવનારો દાવો નવા અહેવાલમાં કરવામાં આવ્યો છે. કાશ્મીરમાં હવે ઇરાક અને સિરિયા જેવા દેશોમાં હાલ આતંક મચાવી રહેલા ખતરનાક સંગઠન આઇએસઆઇએસની પ્રવૃતિ જોવા મળી શકે છે. કાશ્મીરમાં હવે આ ત્રાસવાદી સંગઠનનો ખતરો તોળાઇ રહ્યો છે. આ સંગઠનની નજર હવે કાશ્મીર પર છે અને તેના પગલા આ દિશામાં વધી રહ્યા છે જેથી ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ જમ્મુમાં ખાલિસ્તાન ત્રાસવાદીઓની ગતિવિધી પણ વધી રહી છે. તેમની યોજના જમ્મુમાં રહેતા લોકોને દહેશતમાં મુકવાની છે. આઇએસઆઇએસની નજર હવે કાશ્મીર પર છે તેમાં કોઇ બે મત નથી. કારણ કે મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા પણ માની ચુક્યા છે કે કાશ્મીરના યુવાનો આઇએસઆઇએસમાં સામેલ થવા લાગ્યા છે. જો કે જાહેરમાં તેઓ આ વાત સ્વીકારતા નથી. કાશ્મીરમાંતી કોઇ યુવાન આ સંગઠનમાં સામેલ થવાની વાત તેઓ કરી રહ્યા નથી.

કેટલીક સંસ્થાઓના જણાવ્યા મુજબ કાશ્મીરમાં અલકાયદા અને આઇએસઆઇએસની કુચ જારી છે. છેલ્લા કેટલાક દિવસથી કેટલાક એવા બનાવ બની ગયા છે જે આ બાબત તરફ ઇશારો કરે છે. હાલમાં કેટલાક બનાવો દરમિયાન અલકાયદા અને આઇએસઆઇએસના ધ્વજ અને પોસ્ટર જોવા મળ્યા હતા. જે તેમની ગતિવિધી તરફ ઇશારો કરે છે. જો કે સુરક્ષા દળોએ કહ્યું છે કે કોઇ પણ ત્રાસવાદી પ્રવૃતિને રોકવા માટે સેના સંપૂર્ણપર્ણે તૈયાર છે. સેનાના એક અધિકારીએ કહ્યું છે કે તેમની હાજરીના અહેવાલ લાંબા સમયથી આવી રહ્યા છે. પાકિસ્તાન દ્વારા હજુ પણ કાશ્મીર અને પંજાબમાં ત્રાસવાદને ફરી સજીવન કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. બે દિવસ પહેલા જ પંજાબ અને જમ્મુ પોલીસે જમ્મુમાંથી ચાર ખાલિસ્તાની ત્રાસવાદીઓની ધરપકડ કરી હતી.

નરેન્દ્ર મોદી ટુંક સમયમાં જ સિયાચીન ગ્લેશિયરની મુલાકાતે

નવી દિલ્હી,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટુંક સમયમાં જ પોતાની લડાખની ઐતિહાસિક યાત્રા દરમિયાન સિયાચીન ગ્લેશિયરની મુલાકાત લેશે. નરેન્દ્ર મોદી ભારતીય સેનાની અગ્રીમ ચોકીઓ પર જઇને ટોચના અધિકારીઓ અને સેનાના જવાનો સાથે વાતચીત કરશે. અત્રે નોંધનીય છે કે સિયાચીન વિશ્વમાં સર્વોચ્ચ રણક્ષેત્ર તરીકે છે. વડાપ્રધાન બે વીઝળી યોજનાને રાષ્ટ્રને સમર્પિત કરવાના હેતુથી અને વીઝળી લાઇનની આધારશીલા મુકવાં માટે આગામી સપ્તાહમાં અથવા તો મહિનાના ત્રીજા સપ્તાહમાં જમ્મુ કાશ્મીરના લેહ અને કારગીલ જિલ્લાની યાત્રા કરનાર છે. સુત્રોએ કહ્યું છે કે વડાપ્રધાન આ ગાળા દરમિયાન સિયાચીનમાં ભારતીય સેનાની અગ્રીમ ચોકી પર જઇ શકે છે. સેના પ્રમુખ દલબીરસિંહ સુહાગ પણ

મહિનાના બીજા સપ્તાહમાં યાત્રા કરી શકે છે. જો કે મોદીના કાર્યક્રમના કારણે તેમના કાર્યક્રમમાં ફેરફાર થઇ શકે છે. સિયાચીનમાં સેનાની ચોકી ૧૭ હજારથી ૨૩ હજાર ફુટની ઉંચાઇએ છે. જે પાકિસ્તાન સાથે જોડાયેલી વાસ્તવિક જમીન સ્થિતી રેખા સાથે છે. પાકિસ્તાન વિશ્વાસ નિર્માણના ભાગરૂપે અહીંથી ભારતીય સેનિકોની વાપસીની માંગ કરે છે. જો કે આનોભારતીય સેના અને સંરક્ષણ મંત્રાલય દ્વારા સતત વિરોધ કરવામાં આવે છે. આ ચોકી ખુબ મહત્વપૂર્ણ ચે. વડાપ્રધાનને સિયાચીનની ાયાત્રા કરવા માટેનુ આમંત્રણ તત્કાલીન સેના પ્રમુખ બિક્રમસિંહે આપ્યું હતુ. જવાનોનો નૈતિક જુસ્સો વધે તે માટે આ આમંત્રણ આપવામાં આવ્યું હતુ. ઉર્જા પ્રધાન પીયુશ ગોઇલે ગઇકાલે જ કહ્યું હતું કે વડાપ્રધાન યોજનાના ઉદ્ઘાટન માટે આગામી સપ્તાહમાં કાશ્મીર જઇ શકે છે.

સચિન તેન્ડુલકરે આ વર્ષમાં સંસદમાં હાજરી આપી નથી

નવી દિલ્હી,તા. ૭

એક ક્રિકેટર તરીકે સચિન તેંડુલકરને ભારતમાં ભગવાન તરીકે ગણે છે પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધા બાદ સચિન તેંડુલકર હવે ટિકાટિપ્પણીનો સામનો કરી રહ્યો છે.

આ વર્ષે સંસદના એક સત્રમાં પણ તે ઉપસ્થિત રહી શક્યો નહતો. ૪૧ વર્ષીય સચિનને ઓલટાઈમ ક્રિકેટીંગ મહાન ખેલાડી તરીકે ગણાય છે. સચિને રમત-ગમતના મામલાને ઉઠાવવાની ખાતરી આપી હતી. જ્યારે જુન-૨૦૧૨માં સંસદના ઉપલાગૃહના સભ્ય તરીકે સચિને શપથ લીધા ત્યારે સચિને સંસદમાં હાજરી આપવા માટે અને રમત-ગમતના મુદ્દા ઉઠાવવાની વાત કરી હતી. પરંતુ સંસદીય રેકોર્ડ દર્શાવે છે કે, ભૂતપૂર્વ ખેલાડીએ આ વર્ષમાં એક સેશનમાં પણ હાજરી આપી નથી. ૨૦૧૩માં પણ તે માત્ર ત્રણ બેઠકોમાં જ હાજર રહ્યો હતો. હજુ સુધી ગૃહમાં કોઈ ચર્ચામાં પણ તે ભાગ લઈ શક્યો નથી. ભારતીય સંસદ સભ્યો હાજર રહેવામાં નિષ્ફળતા માટે જાણીતા રહ્યા છે પરંતુ તેંડુલકર આ તમામમાં સૌથી નિરાશાજનક રેકોર્ડ ધરાવે છે. ગયા વર્ષે માત્ર ત્રણ દિવસ સુધી તે હાજર રહી શક્યો હતો. પીઆરએસ લેજિસલેટીવ રિસર્ચના અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. સચિન પાસેથી આ વર્ષે વધુ હાજરી આપવાની અપેક્ષાઓ હતી પરંતુ કેટલાક સાંસદોની જેમ જ તે પણ હાજર રહી શક્યો નથી. ગયા વર્ષે નવેમ્બરમાં ક્રિકેટમાંથી તે નિવૃત્ત થઈ ગયો હતો. સચિનના આ પ્રકારના વલણને લઈને તેના કરોડો ચાહકો પણ આશ્ચર્યચકિત થયા છે.

ગૃહ મંત્રાલયના આંકડામાં દાવો કરવામાં આવ્યો

એનડીએ સરકાર આવ્યા બાદ કોમી હિંસામાં ઉલ્લેખનીય ઘટાડો

નવી દિલ્હી,તા. ૭

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર આવ્યા બાદ દેશભરમાં કોમી હિંસાના બનાવોમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. એનડીએ સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ કોમી હિંસાના બનાવોમાં વધારો થયો છે તેવા લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જૂન ખડગે દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને અહેવાલમાં રદિયો આપવામાં આવ્યો છે. છેલ્લા થોડાક વર્ષોમાં દેશભરમાંથી કોમવાદી હિંસાના માસિક સરેરાશ બનાવોની સરખામણી કરવામાં આવે તો આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. નરેન્દ્ર મોદી સરકારે સત્તા સંભાળી લીધા બાદ મે-જુન ૨૦૧૪ દરમિયાનના આંકડા દર્શાવે છે કે દર મહિને બનાવો વર્ષ ૨૦૧૩માં ૬૮.૬થી ઘટીને મે-જુન ૨૦૧૪માં ૫૬.૫ થઈ ગયા છે. જો કે વર્ષ ૨૦૧૨માં સરેરાશ પ્રતિ મહિને ૫૫.૭ હતી. જે આના કરતા વધારે સારી સ્થિતી હતી. આવી જ રીતે કોમી હિંસાના બનાવોમાં મોત અને ઘાયલોની સંખ્યા આ વર્ષે મે-જુન દરમિયાન ક્રમશે ૭.૫ અને ૧૫૯ પ્રતિ મહિને રહી છે. જે વર્ષ ૨૦૧૩માં દર મહિને ૧૧ મોત અને ૧૮૯ ઘાયલોની હતી. જ્યારે વર્ષ ૨૦૧૨માં આ આંકડ ક્રમશ ૭.૮ અને ૧૭૬.૪ રહ્યો હતો. વર્ષ ૨૦૧૩ દરમિયાન કોમી હિંસાના કુલ૮૨૩ બનાવો બન્યા હતા જેમાં ૧૩૩ લોકોના મોત થયા હતા અને ૨૨૬૯ લોકો ઘાયલ થયા હતા. જ્યારે આ ાંકડો વર્ષ ૨૦૧૨માં ૯૪ મોત અને ૨૧૧૭ ઘાયલનો હતો. જો કે મે-જુન ૨૦૧૪ના આંકડા દર્શાવે છે કે દેશભરમાં કોમી હિંસાના ૧૧૩ બનાવો બન્યા છે જેમાં ૧૫ લોકોના મોત અને ૩૧૮ લોકો ઘાયલ થયા છે. જો કે નિષ્ણાંતો માને છે કે મે અને જુન ૨૦૧૪ના માત્ર બે મહિનાના ગાળાના આધાર પર સ્થિતી ખુબ સારી છે. માત્ર બે મહિનાના આંકડાના આધાર પર વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૨ના સમગ્ર વર્ષ સાથે સરખામણી કરવી યોગ્ય નથી. આગામી મહિનાઓમાં કોમી હિંસાના બનાવોમાં વધારો થઈ શકે છે અથવા તો ઘટાડો પણ થઈ શકે છે. આંકડા ઉપર નજર કરવામાં આવે તો ગુજરાતમાં પણ કોમી હિંસાના બનાવ સપાટી પર આવ્યા છે. ૨૦૧૩માં ગુજરાતમાં દર મહિને સરેરાશ ૫.૬૭ બનાવો નોંધાયા હતા. આંકડા આ અંગેની માહિતી આપે છે. જોકે કોમી હિંસાને રોકવામાં કેન્દ્ર સરકારની મર્યાદીત ભૂમિકા રહે છે.

સિંચાઈના પ્રોજેક્ટ પૂર્ણ કરવા રાજ્યને સહાયતા

નવી દિલ્હી, તા.૭

જળસંશાધન પ્રધાન ઉમા ભારતી તરફથી ટેક્સ ટાઈલ પ્રધાન સંતોષ ગંગ્વારે આજે માહિતી આપતા કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે સિંચાઈના પ્રોજેક્ટોને પૂર્ણ કરવા માટે રાજ્યોને પૂરતા પ્રમાણમાં રકમ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે જુદા-જુદા અધુરા મોટા, મધ્યમ અને નાના સિંચાઈ પ્રોજેક્ટોને પૂર્ણ કરવા માટે નાણાંકીય મદદ કરવામાં આવશે. સિંચાઈ રાજ્યોનો વિષય છે. જળસંશાધન પ્રોજેક્ટો સંબંધિત રાજ્ય સરકારો તેમના પોતાના સંશાધનોથી આગળ વધારી શકે છે. જોકે, તેમના પોતાના સંશાધનોથી રાજ્ય સરકારો દ્વારા જે પ્રોજેક્ટો પૂર્ણ કરવામાં આવ્યા નથી તે પ્રોજેક્ટોને પૂર્ણ કરવા માટે કેન્દ્ર સરકાર નાણાકીય મદદ કરશે. તેમણે ઉમેર્યું હતું કે, ૨૫ ટકાની કેન્દ્રીય સહાયતા મેળવી રહેલા પ્રોજેક્ટો માટે અને પ્રોજેક્ટના ૫૦ ટકા સુધી સહાય મેળવી રહેલા પ્રોજેક્ટો માટે રકમની ફાળવણી કરવામાં આવી રહી છે. રાજ્યોને વધુ મદદ કરવા માટે કેન્દ્ર સરકાર તૈયાર છે. તેમણે એમપણ કહ્યું હતું કે, ૫૦ ટકાથી વધુની સહાયતા મેળવી રહેલા પ્રોજેક્ટો માટે ૫૦ ટકા કેન્દ્રીય સહાયતા રાજ્યોને તેમની સંપૂર્ણ હિસ્સેદારી આપવામાં આવ્યા બાદ આપવામાં આવશે. કેન્દ્ર સરકાર તમામ પ્રકારની મદદ કરવા તૈયાર છે પરંતુ રાજ્ય સરકારોએ સિંચાઈના ક્ષેત્રમાં વધુ ગંભીરતાથી આગળ વધવાની જરૂર છે.

મિઝોરમના રાજ્યપાલ તરીકે કમલા બેનીવાલની હકાલપટ્ટી

નવી દિલ્હી,તા. ૭

મિઝોરમના રાજ્યપાલ તરીકે કમલા બેનીવાલની હકાલપટ્ટી થયા બાદ ભારે હોબાળો મચી ગયો છે. કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહેલા જોરદાર વિરોધ વચ્ચે સરકારે આજે સ્પષ્ટતા કરી હતી કે, કમલા બેનીવાલની હકાલપટ્ટી પાછળ કોઈપણ રાજનીતિ રમાઈ નથી. કેન્દ્રીય પ્રધાન વૈંકેયા નાયડુએ કહ્યું હતું કે, કમલા બેનીવાલ સામે પગલા સુપ્રીમ કોર્ટના ચુકાદાના ભંગ સમાન નથી. આમાં કોઈપણ રાજનીતિ રમાઈ નથી. બંધારણ મુજબ પગલા લેવામાં આવ્યા છે. નાયડુએ કહ્યું હતું કે, બેનીવાલ સામે ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા જેના કારણે સરકારે આ પગલા લીધા છે. કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, કમલા બેનીવાલને દૂર કરવાનો નિર્ણય બંધારણીય નિયમોની અંદર રહીને લેવામાં આવ્યો છે. આ નિર્ણય રાષ્ટ્રપતિ દ્વારા લેવાયો છે. સરકાર દ્વારા લેવામાં આવ્યો નથી. ભાજપના ચાવીરૂપ સાથી શિવસેનાએ પણ સરકારની હિલચાલનો બચાવ કર્યો છે. પક્ષના નેતા સંજય રાવતે કહ્યું છે કે, કમલા બેનીવાલે રાજ્યપાલ કરતા એક રાજકારણી તરીકે વધુ કામ કર્યું છે. બીજીબાજુ એનસીપીએ આની સામે વિરોધ નોંધાવ્યો છે. પાર્ટીના નેતા

શરદ પવારે એનડીએ સરકારના નિર્ણયને કમનસીબ તરીકે ગણાવ્યોછે.

બીજીબાજુ સરકારના સુત્રોનું કહેવું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં નાણાં મંત્રી અરુણ જેટલી, ગૃહપ્રધાન રાજનાથસિંહ, રવિશંકર પ્રસાદ પણ ઉપસ્થિત રહ્યા હતા. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યંમત્રી તરીકે હતા ત્યારથી જ મોદી સાથે તેમની ખેંચતાણ ચાલી રહી હતી. તેમની અવધી પૂરી થાય તેના બે મહિના પહેલા જ બુધવારે મોડી રાત્રે મિઝોરમના રાજ્યપાલ તરીકે તેમની હકાલપટ્ટી કરી દેવાઈ હતી. મિઝોરમના રાજ્યપાલ તરીકે તેમની હકાલપટ્ટી કરાતા કેટલાક પક્ષો નારાજ દેખાઈ રહ્યા છે. મણિપુરના રાજ્યપાલ વીકે ડુગ્ગલને જ્યાં સુધી નિયમિત વ્યવસ્થા કરવામાં ન આવે ત્યાં સુધી મિઝોરમના રાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળવા માટે કહેવામાં આવ્યું છે. પોંડીચેરીના લેફ્ટીગવર્નર વીરેન્દ્ર કટારીયાની હકાલપટ્ટી બાદ બેનીવાલે એવા બીજા રાજ્યપાલ છે જેમની હકાલપટ્ટી કરવામાં આવી છે. મોદી સરકારે સત્તા સંભાળી લીધા બાદ કેટલાક રાજ્યપાલોને રાજીનામું આપી દેવાની ફરજ પાડવામાં આવી હતી.

સાઝિયા ઈલ્મી કોંગ્રેસમાં સામેલ થાય તેવા સંકેત

નવી દિલ્હી,તા.૭

આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી ચુકેલી ચર્ચાસ્પદ સાઝિયા ઈલ્મી કોંગ્રેસમાં સામેલ થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કોંગ્રેસની ટીકીટ ઉપર દિલ્હી વિધાનસભાની ચુંટણી લડે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. પૂર્વ ટીવી પત્રકાર સાઝિયા દ્વારા આમ આદમી પાર્ટી છોડવામાં આવ્યા બાદથી તે કઈ પાર્ટીમાં સામેલ થશે તેને લઈને ભારે હોબાળો રહ્યો હતો. આમ આદમી પાર્ટી દ્વારા પણ તેને મનાવવાના તમામ પ્રયાસો કરાયા હતા. પરંતુ તે આમ આદમી પાર્ટીમાં ફરી સામેલ થવા તૈયાર નથી. સાઝિયાએ આમ આદમી પાર્ટીની ટીકીટ ઉપર ગાઝિયાબાદથી લોકસભાની ચુંટણી લડી હતી. પરંતુ તેની કારમી હાર થઈ હતી. ભાજપના નેતા જનરલ વીકેસિંહ સામે તેની હાર થઈ હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ અરવિંદ કેજરીવાલની ખૂબ જ નજીક કોઈ સમયે સાઝિયા ઈલ્મી રહી હતી. કોંગ્રેસના ટોચના નેતાઓ સાથે હાલમાં તે સંપર્કમાં છે. દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં સાઝિયા ઈલ્મી મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે.

ચાચા ચૌધરીના સર્જકને બાળકોની શ્રધ્ધાંજલિ : બાળકોનાપ્યારા ચાચા ચૌધરી કોમિકસના સર્જન કર્તા ખુદ આ ફાની દુનિયા છોડીને સર્જનહાર પાસે પહોંચીગયા. પાકિસ્તાનના પૂર્વીય પ્રાંતના કસૂર ગામમાં જન્મેલા અને ૫૦ વર્ષની કાર્ટૂનિસ્ટ તરીકેનીકારકિર્દી ધરાવતા પ્રાણકુમાર શર્માએ મંગળવારે ગુડગાંવની એક હોસ્પિટલમાં તેમના અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ છેલ્લા ૧૦ દિવસથી આઈસીયુમાં દાખલ કરાયેલા હતા. પ્રાણકુમાર શર્માએ તેમના મુરાદાબાદના એક કાર્ટૂનિસ્ટ મિત્રને શ્રધ્ધાંજલિ આપવા ચાચા ચૌધરી નામનું પાત્ર બનાવ્યું હતું જે બાળકોમાં ખુબ જ લોકપ્રિય બન્યું હતું. આ કોમિકમાં 'ચાચા ચૌધરી કા દિમાગ કોમ્પ્યુટર સે ભી તેજ ચલતા હૈ' ડાયલોગ અબાલવૃધ્ધ સૌ કોઈને મોઢે ચઢી ગયો હતો. બાળકોએ પ્રાણકુમાર શર્માને મીણબત્તીઓ પેટાવી શ્રધ્ધાંજલી અર્પી હતી.

યુપીએસસીની પરીક્ષા ૨૪મીએ નિર્ધારિત કાર્યક્રમ મુજબ થશે

નવી દિલ્હી,તા.૭

સિવિલ સર્વિસની પરીક્ષા ૨૪મી ઓગસ્ટના દિવસે નિર્ધારીત સમય મુજબ જ યોજાશે. સરકારે આજે જાહેરાત કરી હતી કે, જુદા-જુદા પક્ષો સાથે વાતચીતનો સિલસિલો ચાલી રહ્યો છે. વર્તમાન સત્ર બાદ આ મામલે અન્યો સાથે પણ વાતચીત કરવામાં આવશે. રાજ્યસભામાં યુપીએસસી પ્રાથમિક પરીક્ષાને લઈને આજે પણ ભારે હોબાળો રહ્યો હતો. સંસદીય બાબતોના મંત્રી વૈંકેયા નાયડુએ કહ્યું હતું કે, ૨૪મી ઓગસ્ટના દિવસે નિર્ધારીત કાર્યક્રમ મુજબ જ પરીક્ષા યોજાશે. પરીક્ષાને મોકુફ રાખવાના કોઈ કારણ નથી. વિરોધ પક્ષોએ રાજ્યસભામાં ધાંધલ ધમાલ મચાવીને તાત્કાલિક ધોરણે સર્વપક્ષીય મીટિંગ બોલાવવાની જોરદાર માંગ કરી હતી. સિવિલ સર્વિસના દાવેદારો પરીક્ષામાં અંગ્રેજીને આપવામાં આવેલા વધારે મહત્વના સામે આંદોલન કરી રહ્યા છે. નાયડુએ કહ્યુંહતુંકે, યુપીએસસીનો મુદ્દો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરવા સાથે સંબંધિત છે. રાજકીયપક્ષો અને અન્ય સંબંધિતો સાથે વાતચીત ચાલી રહી છે. યુપીએસસીમાં સી-સેટ અંગે દલીલોને લઈને પણ બન્ને પક્ષોઆમને-સામને છે.

સત્ર બાદ સરકાર સર્વસમ્મતિ ઉપર પહોંચવા તમામ સાથે વાતચીત કરશે. તેમણે એમપણ કહ્યું હતું કે, સરકારે આ સંદર્ભમાં યોગ્ય નિર્ણય લીધા છે. વિદ્યાર્થીઓના મનને પણ ધ્યાનમાં લેવામાં આવશે. હાલમાં વિદ્યાર્થીઓને કોઈ ખલેલ ન થાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. ૨૪મી ઓગસ્ટ પહેલા સર્વ સંમતિ સાધવા સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગણી સભ્યો દ્વારા કરાઈ રહી છે. આ સંદર્ભમાં સંસદીય બાબતોના રાજ્યપ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, ઘણા સભ્યોના અભિપ્રાય લેવામાં આવી ચુક્યા છે. આ મુદ્દાનો તાત્કાલિક ઉકેલ મળે તેવી શક્યતા પણ દેખાઈ રહી નથી. વધુ સુધારા પર ચર્ચા કરવા સર્વપક્ષીય બેઠક યોજાઈ ચુકી છે. હજુ પણ વધુ બેઠકો યોજાશે. તારીખ અંગે ટૂંકમાં નિર્ણય લેવાશે સરકારે અગાઉ જાહેરાત કરી હતી કે, પ્રાથમિક પરીક્ષામાં ગ્રેજ્યુએશન અથવા મેરીટ માટે અંગ્રેજીના માર્ક સામેલ કરવામાં આવશે નહીં.

સમાચાર ઝલક

- દેશમાં આરોગ્ય સેવા અંગે સરકાર સાબદી, નજીવા પ્રિમીયમથી વીમા આપવાની વિચારણા.
- અમેરિકી સુપરસ્ટાર જયોર્જ કલુની બ્રિટીશ લોયર અમલ અલામુદ્દીન સાથે લગ્ન કરશે. જેમાં બે કરોડ ડોલર ખર્ચ થશે.
- રાજકોટમાં ગાડી આંતરીને ૧૫ લાખની ફુંટ ચલાવી. તહેવાર ટાણે લુંટથી લોકોમાં રોષ.
- વેરાવળ નજીક સુત્રાપાડામાં ભેખડ ધસી પડતા પાંચ બાળકો દબાયા. બે નાં મોત.
- સ્વેચ્છાએ સબસીડીવાળો બાટલો પરત કરવા અભિયાન સરકારે શરૂ કર્યું.
- યુપીમાં રાક્ષસી કૃત્ય, દુષ્કર્મ કર્યા બાદ હાથ-પગની આંગળઓ કાપી નાંખેલો મૃત્યુદેહ મળ્યો.
- અફઘાનિસ્તાનમાં ઉચ્ચ અમેરિકન લશ્કરી અધિકારીની તાલીબાનોએ હત્યા કરી, હાહાકાર.
- ક્રિકેટર ઈમરાન ખાન પાકિસ્તાનમાં ૧૪મી ઓગષ્ટે ઈતિહાસની સૌથી મોટી રેલી યોજશે.
- પૂર્વ આઈપીએસ શ્રી પ્રદીપ શર્મા સામે સુપ્રીમ લાલઘુમ.
- સંસદ સભ્ય શ્રી પરેશ રાવલને સેકસી-કોમેડી ફિલ્મ ન કરવાની શીખ.
- જય અનમોલ અનિલ અંબાણી દુનિયાનો ૧૧મો સૌથી ધનવાન વ્યકિત બનશે.
- અન્ન સુરક્ષા અને ખેડૂતોના ભોગે કોઈ વસ્તુ ન ખપે. ડબલ્યુ.ટી.ઓના મુદ્દે ભારત મકકમ.
- ઓનલાઈન ઈન્કમ ટેક્ષ ભરવામાં ગુજરાતનો દ્વિતીય ક્રમ.

શૈક્ષણિક લોન ઉપર વ્યાજ સબ્સિડી આપવાનો નિર્ણય

નવી દિલ્હી,તા.૭

મુસ્લિમ સહિત લઘુમતી સમુદાય સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ માટે વિદેશમાં અભ્યાસ માટે શૈક્ષણિક લોન ઉપર વ્યાજ સબ્સિડી આપવાની સરકારે આજે સ્કીમ લોન્ચ કરી હતી. લઘુમતી બાબતોના પ્રધાન નેજમા હેમુલ્લાએ લોકસભામાં માહિતી આપતા કહ્યું હતું કે, કેટલીક સ્કોલરશીપ લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓને આપવામાં આવી છે પરંતુ એસસી અને એસટીના વિદ્યાર્થીઓને આપવામાં આવતી સ્કોલરશીપ મુજબ નથી. તેમના મંત્રાલય દ્વારા બન્ને વચ્ચે સમાનતા લાવવા નાણાં મંત્રાલયો સમક્ષ રજૂઆત પણ કરી છે. હેમુલ્લાએ કહ્યું હતું કે, પઢો પરદેશ સ્કીમ હેઠળ મંત્રાલય લઘુમતી સમુદાય સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ માટે વિદેશમા અભ્યાસ માટે શૈક્ષણિક લોન ઉપર વ્યાજ સબ્સિડી આપશે. મુસ્લિમો, ખ્રિસ્તી, સીખ, બૌદ્ધ, જૈન, પારસી જેવા લઘુમતી સમુદાય સાથે જોડાયેલા વિદ્યાર્થીઓને રાહત આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, નક્કી કરવામાં આવેલા લઘુમતી સમુદાયના નબળાવર્ગો સાથે જોડાયેલા વિદ્યાર્થીઓને વ્યાજ સબ્સિડી આપવામાં આવનાર છે. કારણકે, ઉચ્ચ શિક્ષણ માટે વધુ સારી સુવિધા આપવાનો હેતુ રહેલો છે. તેમની રોજગારીની લાયકાત વધે તે પણ જરૂરી છે. હેમુલ્લાએ કહ્યું હતું કે, સરકારનોઈરાદોમાત્ર અમિર પરીવાર સાથે જોડાયેલા વિદ્યાર્થીઓને લાભ આપવાનો જ નથી બલ્કે ગરીબ બેકગ્રાઉન્ડ ધરાવતા વિદ્યાર્થીઓને પણ રાહત આપવાનો છે. ગરીબ બેકગ્રાઉન્ડ ધરાવતા વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી શકે તેવા પ્રયાસ કરવામાં આવશે. પ્રધાને કહ્યું હતું કે, તમામ સોર્સ પાસેથી પરિવારની વાર્ષિક આવક છ લાખથી વધુ હોવી જોઈએ નહીં. જે પરિવારને તમામ સોર્સમાંથી આવક છ લાખથી વધુ રહેશે નહીં તેવા પરિવારને આવરી લઈને રહેલા વિદ્યાર્થીઓને વ્યાજ સબ્સિડી આપવામાં આવશે. છ લાખથી વધુની વાર્ષિક આવક ધરાવનારને તક મળશે નહીં. માસ્ટર્સ, એમફીલ, પીએચડી સ્તરમાં કોર્સ કરવા માટે આ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. કેનેરા બેંક આ સ્કીમ માટે અમલીકરણ સંસ્થા તરીકે રહેશે. હેમુલ્લાએ કહ્યું હતું કે, લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા નાણાં મંત્રાલયોનો સંપર્ક કરાયો છે. એસસી અને એસટીના વિદ્યાર્થીઓ તથા લઘુમતી વિદ્યાર્થીઓને અપાતી સ્કોલરશીપ વચ્ચે અંતર ન રહે તે જરૂરી છે. સબકા સાથ સબકા વિકાસની પોલીસીને અમે આગળ વધારીશું. અમને આશા છે કે નાણા મંત્રાલય સ્કોલરશીપમાં સમાનતા લાવવા આગામી બજેટમાં જરૂરી જોગવાઈ કરશે.